# ઇ.ડી.આઇ.આઇ ખાતે યોજાયું ઇમ્પ્રેસારીયો-૨૦૧૭

# યંગસ્ટર્સે આપ્યો યુનિક આઇડિયાને બિઝનેસનો ટચ

અમદાવાદ : આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા ખાતે તેની એન્યુઅલ ઇવેન્ટ ઇમ્પ્રેસારિયો-૨૦૧૭નું સેલિબ્રેશન કરવામાં આવી રહ્યું છે. આ ઇવેન્ટમાં વિવિધ સ્ટાર્ટઅપ્સ, આંત્રપ્રિન્યોર્સ, ઇન્ડસ્ટ્રી મેન્ટર્સ તથા સ્ટુડન્ટ્સ વિઝિટર જોવા મળે છે. જો આ વર્ષની થીમની વાત કરવામાં આવે તો સ્ટાર્ટઅપની ઇકોસિસ્ટમને પાવર પૂરો પાડતા પરિબળો પર ફોકસ કરવામાં આવ્યું છે. ઇવેન્ટ વિશે વાત કરતા ઇ.ડી.આઇના ફેકલ્ટી બિપીન શાહે જણાવ્યું હતું કે, ઇમ્પ્રેસારિયોની છઠ્ઠી સિઝનમાં પણ અમને સારો સહકાર મળી રહ્યો છે. અમારો પ્રયત્ન હોય છે કે વધારેમાં વધારે સ્ટાર્ટઅપ અમારી ઇવેન્ટમાં જોડાય. સાથે જ અહીં પાર્ટિસિપન્ટ્સને પણ ઇન્ડસ્ટ્રીના જાણીતા લોકો સાથે ઇન્ટરેક્શન કરવાનો મોકો મળે છે. આ વર્ષે પણ જાણીતા લોકો સ્ટાર્ટઅપ ફેરની મુલાકાત લેશે. જેનો લાભ સ્ટાર્ટઅપ સાથે જોડાયેલા યંગસ્ટર્સને મળશે. ઇવેન્ટમાં અરવિંદ એસ્સેલના સી.ઇ.ઓ દિનેશ યાદવે જણાવ્યું હતું કે, અત્યારના સમયે ગુજરાતમાં આંત્રપ્રિન્યોર્સ માટે સારું વાતાવરણ ઉભું થઇ રહ્યું છે. નવી પેઢી પોતાના આઇડિયા સાથે બિઝનેસ સ્ટાર્ટ કર્યું છે. અત્યારે સ્ટાર્ટઅપ્સે હેલ્થ કેર, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને એન્વાયર્મેન્ટ પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

**ઇ.ડી.આઇ.આઇ ખાતે ચાલી રહેલા ઇમ્પ્રેસારિયો-૨૦૧૭ના સ્ટાર્ટઅપ ફેરમાં ૧૫૦થી વધારે સ્ટાર્ટઅપ જોડાયા**



## ગવર્નમેન્ટની તમામ સ્કીમની માહિતી એક પોર્ટલ પર મળશે



મોટેભાગે ગવર્નમેન્ટની વિવિધ સ્કીમોની માહિતી જે-તે વિભાગની સાઇટ પર અલગ અલગ જોવા મળે છે. જેની માટે માહિતી મેળવનારે જુદી જુદી સાઇટ પર જઇને માહિતી મેળવવી પડે છે. આનંદ ત્રિવેદી અને તેમની ટીમ દ્વારા એક પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. જેની પર ગવર્નમેન્ટની તમામ સ્કીમ અને તેના ફાયદા વગેરેની માહિતી મળી રહેશે. માત્ર ગુજરાત સરકારની જ નહી પરંતુ ભારત સરકારની વિવિધ યોજનાની માહિતી પણ આ પોર્ટલ પર જાણી શકાશે. જેમ કે કોઇ સ્ટુડન્ટ્સને સ્કોલરશિપની માહિતી જોઇતી હોય કે કોઇ એન.જી.ઓને તેમની ઉપયોગી માહિતી જોઇતી હોય તો પણ અહીં જ મળી રહેશે. આનંદ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, લોકોને દરેક માહિતી અલગ અલગ સાઇટ કે મંત્રાલયમાં જઇને કલેક્ટ કરવી પડે છે. પરંતુ અમારા પોર્ટલ પર તમને સ્કીમના તમામ ફાયદા, જે-તે યોજનાની તલસ્પર્શી માહિતી મળી રહેશે.

## સાઇટ હેક થતા પહેલા જ હેકર્સને બ્લોક કરશે



મોટેભાગે નવી વેબસાઇટ લોંચ કરતાની સાથે જ હેકર્સ તેને હેક કરવાનો પ્રયત્ન કરતા હોય છે. પરંતુ કૌશલ ભાવસાર અને તેમની ટીમ દ્વારા 'બગસ્કેન' સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેના દ્વારા કોઇપણ હેકર્સે તમારી સાઇટ પર પંહોચતા પહેલા એક ક્લાઉડના સર્વરમાંથી પસાર થવું પડશે. સર્વર દ્વારા ઓથેન્ટિક યૂઝર્સને ચેક કરીને તમારી સાઇટ સુધી પંડોચાડવામાં આવશે. જો સર્વરને લાગશે કે કોઇ હેકર્સ સિસ્ટમને હાર્મ કરી શકે છે તો તેને ત્યાં જ બ્લોક કરી દેશે. જેથી સાઇટ હેક થતી બચી શકે છે.